# ગુજરાતમાં માત્ર બે જ પક્ષ છે ત્રીજો પક્ષ નથી : રૂપાલા

## સમાજિક સમરસતાનું વાતાવરણ પુરુ પાડીને પીડિતોની પડખે ઉભા રહેવા લોકોને એકઠા કર્યા : હરિફો પર પ્રહાર

અમદાવાદ, તા. ૨૪

આજે કેન્દ્રીય મંત્રી અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરશોત્તમભાઈ રૂપાલાએ ઉના ખાતે પીડીતોની તેમજ ગામના લોકોની મુલાકાત લીધી હતી. તેમણે ગામમાં સામાજિક સમરસતાનું વાતાવરણ પુરુ પાડીને પીડીતોની પડખે ઉભા રહેવા એકત્રિત કર્યા. ગામના જીતુભાઈ ગોરના ડહેલામાં પિડીત પરિવાર અને ગામના તમામ સમાજના લોકોને એકત્રિત કર્યા હતા. તેમણે લોકોને અને મીડીયાને જણાવ્યું હતું કે, અત્યારે બે જ પક્ષ છે, પીડીતોના પક્ષે ઉભા રહેનારો પક્ષ છે અને બીજો પીડા આપનારો પક્ષ છે અને ભારતીય જનતા પાર્ટીના જીલ્લા પ્રમુખ ઝવેરીભાઈ ઠકરાર અને પ્રદેશ પ્રમુખ વિજયભાઈ રૂપાણી તેમજ રાષ્ટ્રીય પ્રમુખ અમિતભાઈ શાહ પીડીતોના પક્ષે છે એટલે ઉનાથી માંડીને દેશ સુધી પીડીતોની પક્ષે છે.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલની રાજય સરકાર અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકાર પીડીતોની પડખે છે. તેથી ભારતીય જનતા પાર્ટીના આગેવાનોએ ગામના તમામ સમાજના આગેવાનોને પીડીત પરિવારના પડખે ઉભા રહેવા માટે સમરસતાનું વાતાવરણ બનાવ્યું છે અમે સમરસતાને પ્રેમમાં, એકતામાં અને સૌના સાથ સૌના વિકાસમાં માનીએ છીએ. જ્યારે બીજી પાર્ટીઓએ વેરઝેર અને અશાંતિ ઉભી થાય તેવા પ્રયાસો કર્યા છે. કેન્દ્રના કૃષિરાજય મંત્રી પરશોત્તમભાઈ રૂપાલાને ગામ લોકોએ માહિતી આપતા જણાવ્યું હતું કે, આ ઘટનાની સૌ પ્રથમ જાણ ગામ લોકો અને ભરતભાઈ આહિરે આપીને પીડીતોની પડખે ઉભા રહીને સમરસતાનું ઉદાહરણ પુરુ પાડ્યું હતું જેને રૂપાલાએ બિરદાવ્યું હતું.



વૃક્ષ પૂજન : ઉમિયા ધામ સંકુલ ખાતે યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમ દરમિયાન વૃક્ષ પૂજન વિધિ કરાવાઈ હતી. ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ અને મેયર શ્રી પ્રવિણભાઈ પટેલના હસ્તે વૃક્ષપૂજન વિધિ યોજાઈ હતી.






અભિવાદન સમારોહ : સેક્ટર-૨૩ બ્રહ્મ સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓ તથા વિજયી મહિલા કોર્પોરેટરનો અભિવાદન સમારોહ યોજાયો હતો. ગુડાના ચેરમેન શ્રી આશિષ દવેના વરદ્‌હસ્તે નવનિર્વાચીત કાઉન્સિલર શ્રીમતી નીલાબેન શુક્લ તથા તેજસ્વી વિદ્યાર્થીઓનું અભિવાદન કરાયું હતું.

# ભિલોડાના રૂદ્રેશ્વર મંદિરમાં ચોરી

ભિલોડા,તા.૨૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા પંથકમાં છેલ્લા કેટલાક સમયથી નાની-નાની ચોરીઓની શાહી સુકાતી નથી ત્યાં તો બીજી ઘટના સાંભળવા મળે છે. તા.૨૩/૭/૦૧૬ રાત્રીએ ૧:૧૫ કલાકે ધંબોલીયા ગામ પાસેના પૌરાણીક રૂદ્રેશ્વર મહાદેવ મંદીરે અજાણ્યા આશરે ૨૫ થી ૩૦ વર્ષની ઉંમરના ૪ ઈસમો મહાદેવ મંદીરમાં ચોરી કરતા હતા. તે વખતે કનુભાઈ જોધાભાઈ તબીયાડ, રહે.ગઢીયા, તા.ભિલોડાનાઓ ઉંઘમાંથી જાગી જતાં આ કામના ચોર-ઈસમોએ કનુભાઈ જોધાભાઈ તબીયાડને લાકડાના દંડા વડે માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી તેમનો સેમસંગ મોબાઈલ નંગ-૧ રૂા.૧૦૦૦/- તેમજ રોકડ રૂા.૫૦૦૦/-, મંદીરીની દાન પેટી તોડી તેમાંથી રૂા.૫,૦૦૦/-તેમજ ફરીયાદીની મોટર સાઈકલ નંબર.જી.જે.૦૯. એ.એમ.૪૭૯૧ કિંમત રૂા.૨૦,૦૦૦/- જે કુલ મળી રૂા.૩૧,૦૦૦/-ની માલમત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો ફરાર થઈ જતાં અખાય પંથકમાં હોહાહો મચી જવા પામી છે.

# ડૉક્ટરોનો વૃક્ષારોપણનો પ્રયાસ પ્રશંસનીય : ભુપેન્દ્રસિંહ ચુડાસમા

અમદાવાદ, તા. ૨૪

પ્રત્યેક વ્યવસાયમાં સામાજિક જવાબદારીઓ હોય છે. જ્યારે ડૉક્ટરો આ સામાજિક જવાબદારી અદા કરે છે ત્યારે તેની દૂરોગામી હકારાત્મક અસરો સમાજ પર પડે છે. આવા સમયે ગરીબ અને જરૂરિયાતમંદ માણસ અનુભવે છે કે ભગવાને મારો હાથ પકડ્યો છે, તેમ રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે અમદાવાદ મેડિકલ એસોસિએશન (એએમએ)માં યોજાયેલા કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદેથી સંબોધન કરતા જણાવ્યું હતું.

અમદાવાદ મેડિકલ એસોસિએશન દ્વારા આજે યોજાયેલા કાર્યક્રમમાં તબીબીક્ષેત્રમાં તેજસ્વી વિદ્યાર્થીઓ, તબીબીક્ષેત્રે અસાધારણ પ્રદાન કરનારા ડૉક્ટરોનું ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને ડૉ. તમન મિશ્રાના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી અમદાવાદ મેડિકલ એસોસિએશન દ્વારા ડોક્ટરોને ૭૫૦ જેટલા રોપાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ એએમએની અમદાવાદ શહેરને હરિયાળુ અને પ્રદૂષણયુક્ત રાખવાની પ્રતિબદ્ધતા અને પગલાઓની પ્રશંસા કરી હતી. તેમણે એએમએના ડૉક્ટરોને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, દર્દી માટે ડૉક્ટરો ભગવાન છે. સ્વચ્છ શહેર સ્વસ્થ શહેરની આ ઝુંબેશમાં ડૉક્ટરો તેમનો ભગવાન તરીકેનો રોલ સુંદર રીતે અદા કરી શકે તેવી શુભેચ્છા પાઠવું છું.

આ પ્રસંગે અમદાવાદ મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડૉ. બ્રિજન ચોકસીએ આવકાર પ્રવચન કર્યું હતું. એએમએ વિમેન ડૉક્ટર વિંગના ચેરપર્સન અને આ કાર્યક્રમના સંયોજક ડૉ. મોના દેસાઈએ જણાવ્યું હતું કે આજના સમયમાં જ્યારે શહેરો કોંક્રીટનાં જંગલો બની રહ્યા છે અને ગ્રીન બેલ્ટ સતત ઘટી રહ્યો છે ત્યારે હરિત શહેર સ્વચ્છ પર્યાવરણની ઝુંબેશ દ્વારા પૃથ્વીને બચાવવાની તાતી જરૂરિયાત ઉભી થઈ છે.





તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એએમએને ૭૫૦ છોડનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું છે. આજનો આ કાર્યક્રમ ક્લીન સિટી-ક્લીન એન્વાયરમેન્ટ ઝુંબેશમાં એએમએના મહત્વપૂર્ણ પ્રદાનનો છે. જ્યારે આપણે સૌ નવા ઝાડો ઉગાડીશુ તો આવનારી પેઢીને ગ્લોબલ વોર્મિંગની અસર સહન કરવી પડશે નહીં.

# ગૌરક્ષા અને વિકાસના નામે ભાજપ જ રાજકારણ રમે છે : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૨૪

ઉનામાં દલિતો પર થયેલા અમાનુષી અત્યાચાર અંગે અન્ય પક્ષો ઉપર રાજકારણ રમવાનો આક્ષેપ કરનાર મુખ્યમંત્રી અને ભારતીય જનતા પાર્ટીની સરકારે છેલ્લા બે દસકામાં દલિતો કે પાટીદાર જ નહીં, પરંતુ એકપણ સમાજને ન્યાય આપ્યો નથી ત્યારે સામાજિક જાગૃતિથી ભાજપના ભ્રામક વિકાસનો ફુગ્ગો ફુટી જતાં સત્તા જાળવવા માટે બેબાકળો બનેલો ભાજપ નારાજ થયેલા તમામ સમાજ અને વર્ગોને ફોસલાવવા માટે હવાતિયા મારી રહ્યો હોવાનું ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે.

**સામાજિક જાગૃતિથી ભાજપના ભ્રામક વિકાસનો ફુગ્ગો ફુટી જતાં બેબાકળા બનેલા મુખ્યમંત્રી અને ભાજપ દ્વારા બેફામ આક્ષેપો કરવામાં આવી રહ્યા છે : ડૉ. હિમાંશુ પટેલ**

કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ઉનામાં દલિતો પર થયેલા અમાનુષી અત્યાચારથી દરેક સમાજ તેમજ વર્ગમાં અત્યાર સુધી ભાજપે કરેલા અન્યાય અને અત્યાચાર સામેનો પ્રચંડ આક્રોશ બહાર આવી રહ્યો છે. છેલ્લા બે વર્ષમાં પાટીદાર આંદોલનથી લઈ દલિત સમાજના આક્રોશે ભાજપના ભ્રામક વિકાસની પોકળ વાતોનો ફુગ્ગો ફોડી નાંખ્યો છે. દલિત હોય કે પાટીદાર રાજ્યના એકપણ સમાજ તેમજ ખેડૂત, વેપારીઓ, કર્મચારીઓ, શિક્ષકો કે વિદ્યાર્થીઓ સહિત કોઈપણ વર્ગને ભાજપના ખૂલ્લેઆમ વેપારીકરણ અને દલાલી કરતાં રાજમાં સહેજ પણ ન્યાય મળ્યો નથી. સૌનો સાથ સૌનો વિકાસની વાત કરનાર મુખ્યમંત્રી આનંદીબેન પટેલના રાજમાં કાયદો અને વ્યવસ્થા એટલી હદે કથળી ગઈ છે કે ધોળેદહાડે લૂંટ, ચોરી અને હત્યા સામાન્ય વાત બની ગઈ છે. અત્યાર સુધી બિહારની વાત કરનાર ભાજપે ગાંધીના ગુજરાતમાં જ ગૂંડારાજ અમલી બનાવતા હવે દેશભરમાં ગુજરાત મોડેલની મશ્કરી કરવામાં આવી રહી છે.

ગુજરાતમાં રહીને નંબર-૧ની વાતો કરનાર નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બનતા જ રાજ્યમાં વિકાસની એક પણ બાબતમાં નંબર-૧ની વાત રહી નથી. જ્યારે ઉડતા પી.એમ.ના કારણે ગુજરાત સહિત દેશભરમાં શિક્ષણ, સામાજિક, આર્થિક અને કૃષિલક્ષી બાબતોમાં બેહાલી આવી ગઈ છે. ખેડૂતો અને ગરીબોની દુર્દશા સાથે મોંઘવારીમાં સમગ્ર દેશની પ્રજા પીડાઈ રહી છે. ત્યારે સદંતર નિષ્ફળ નિવડેલી ભાજપ સરકારના કુકર્મોના કારણે વડાપ્રધાન ઉનાની ઘટના અંગે એક શબ્દ પણ ઉચ્ચારી શકતા નથી કે ગુજરાત માટે સૌથી મોટી કમનસીબી છે. આમ પણ, ગુજરાતના નામે રાજકારણ રમનાર નરેન્દ્ર મોદી ગુજરાતની ભોળી પ્રજા જ્યારે પણ ભીંસમાં મુકાઈ હોય ત્યારે તેની તરફદારી ક્યારેય કરી નથી. ગુજરાતને અન્યાયના નામ પર કેન્દ્રમાં કોંગ્રેસ સરકારની ટીકાઓ કરી ભારે હોબાળો મચાવનાર નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન પદની ખૂરશી સંભાળ્યા બાદ માત્ર હવામાં ઉડતા રહ્યા છે પરંતુ ગુજરાત કે ગુજરાતની પ્રજાના હિત માટે ક્યારેય કોઈ યોજના કે વિકાસના કામ માટે એક રૂપિયાની પણ ગ્રાન્ટ ફાળવી નથી. ઉનાની ઘટનામાં વિરોધ પક્ષ રાજકારણ રમતો હોવાનો આક્ષેપ કરનાર મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જણાવવું જોઈએ કે આજદિન સુધી ગૌરક્ષા અને વિકાસના નામે કોણ રાજકારણ રમી ગયું છે? સમગ્ર દેશમાં વિરોધ થતાં આઠ દિવસે ઉના ગયેલા આનંદીબેન પટેલને થોડી પણ શરમ હોય તો રાજીનામુ આપી દલિત પીડિતોને સાચો ન્યાય આપવાનો માર્ગ ખુલ્લો કરવો જોઈએ તેમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે.

# સુરત નજીક કાર નહેરમાં ખાબકી જતાં પાંચના ઘટનાસ્થળે જ મોત

## મૃતકના પરિવારોને જાણ થતાં સ્થળ પર પહોંચ્યા : સુરતથી સાપુતારા ફરવા જવા માટે નિકળેલા મિત્રોને કાળ ભેટ્યો

અમદાવાદ,તા. ૨૪

સુરતથી સાપુતારા ફરવા જવા નિકળેલા મિત્રોની કાર કામરેજના કોસમાડી ગામ નજીક નહેરમાં પડી જતાં પાંચના કરૂણ મોત થયા છે અને આ બનાવથી આઘાતકનું મોજુ ફરી વળ્યું હતું.

સાપુતારા ફરવા જવા નિકળેલા મિત્રોને કાળ ભેટી પડ્યા અંગેની માહિતી પરિવારના સભ્યોને આપવામાં આવતા તમામના પરિવારના સભ્યો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસ દ્વારા મામલાની તપાસ પોતાનીરીતે હાથ ધરવામાં આવી હતી. કોસમાડી પાસે નહેરમાં કાર ખાબકી હોવાની ઘટનાની જાણ થતાં જ કામરેજ પોલીસ અને ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જોકે કોઈ મદદ મળે તે પહેલાં પાંચેય મિત્રો નહેરના પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. પોલીસે ફાયર બ્રિગેડની મદદથી ક્રેઈન વડે તમામના મૃતદેહો બહાર કાઢ્યા હતા. આ ઘટનાની જાણ બાદ મૃતકના પરિવારજનો અને સંબંધીઓ દોડી આવ્યા હતા.પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે, રવિવારે વહેલી સવારે એસયુવી કારમાં પાંચ મિત્રો વરાછાથી સાપુતારા જવા માટે નીકળ્યા હતા. દરમિયાન તેમની કાર કોસમાડી ગામ નજીક આવેલી નહેરમાં ખાબકી હતી.નહેરમાં કાર ખાબકતા પાંચ મિત્રોના મોત નિપજ્યાં પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. પાંચમાંથી ચાર મિત્રો એમ્બ્રોડરીના કારખાનેદાર છે અને એક રત્નકલાકાર છે.

હાલ કામરેજ પોલીસે તમામ મૃતદેહના પોસ્ટમોર્ટમ કરવા કામગીરી શરૂ કરી છે. જ્યારે પોલીસ જણાવ્યું હતું કે, અકસ્માત જોતા લાગે છે કે કોઈ અજાણ્યા વાહને કારને અડફેટે લીધા બાદ કાર રોડ બાજુએ ઉતરીને નહેરમાં ખાબકી હોવી જોઈએ. કાર નહેરમાં ખાબકતા મોતને ભેટેલા સંજય ગોળકિયા મૂળ બોટાદ જિલ્લાના અડતાળા ગમના રહેવાસી હતા અને સુરતમાં ધણા વર્ષોથી વરાછામાં હિરાબાગ ખાતે પત્ની અને બે પુત્રો સાથે રહેતા હતા. પરિવારને સંજયભાઈના મોતની જાણ થતાં શોકમાં ગરકાવ થઈ ગયો છે.



સમઢિયાળા (ઉના)માં સામાજિક વિષમતા અને ભયાનક અત્યાચારના ભોગ બનેલા દલિત પરિવારના સભ્યો કે જેઓ હાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે, તેઓની ગાંધીનગર દલિત સાહિત્ય વિમર્શ મંચના પ્રતિનિધિ એવા સર્વ પ્રવિણ ગઢવી, નટુભાઈ પરમાર, પ્રવિણ શ્રીમાળી, સાહિલ પરમારે આજે મુલાકાત લીધી હતી અને આ દલિતોને સાંત્વના આપી, જવાબદારો સામે કડક શિક્ષાત્મક પગલા લેવા સરકારને અનુરોધ કર્યો હતો.

# રાધનપુર સામુહિક આરોગ્ય કેન્દ્રની ઓચીંતી જિલ્લા આરોગ્ય અધિકારીએ મુલાકાત લીધી

રાધનપુર, તા. ૨૪

પાટણ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એસ.કે. મકવાણાએ રાધનપુર સામુહિક આરોગ્ય કેન્દ્રની ઓચિંતી મુલાકાત લીધી હતી. જેમાં સ્થળ ઉપર અધિક્ષક તથા મેડીકલ ઓફિસર અને સ્ટાફ સાથે બેઠક કરી ઓપીડીના ધસારાને ધ્યાને લઈ ઓપીડી સવારે ૮.૩૦ કલાકે સમયસર શરૂ થાય અને ઓપીડી દરમ્યાન તમામ મેડીકલ ઓફિસર, અધિકારી તેમજ તાલુકા હેલ્થ ઓફિસરે પણ હાજરી આપવાની સુચના આપી હતી. ઉપરાંત દિવસ અને રાત્રી દરમ્યાન એક મેડિકલ ઓફિસરે ઓનકોલ ઉપર રહેવાનું રહેશે. કોઈપણ મેડીકલ ઓફિસરને ઓફ આપવાનો હાલ પુરતો રહેશે નહી. વિશેષમાં અત્યારે હાલ ચોમાસાની ઋતુ ચાલતી હોઈ લોકોને સમયસર સેવા મળી રહે તે બાબતે સુચના આપવામાં આવી હતી તેમજ હોસ્પિટલની સ્વચ્છતા રહે તેની કાળજી લેવા જણાવ્યું હતું.

# ભારતના સૌથી પ્રખ્યાત લાઈટ કોમર્સીયલ વ્હિકલ ટાટા ૪૦૭ની ૩૦મી વર્ષગાંઠની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૪

સફળતાની ગાથા જાળવી રાખતા, ટાટા મોટર્સે તેના પ્રખ્યાત લાઈટ કોમર્સીયલ વ્હિકલ, ટાટા ૪૦૭ની ૩૦મી વર્ષગાંઠની ઉજવણી કરવા એક વ્યાપક અભિયાન રજુ કર્યું છે. ૧૯૮૬માં રજૂ થયેલ, ટાટા ૪૦૭ રેન્જે ૬ લાખથી વધુ વાહનો વેચ્યા છે અને ઘણા ઉભરતા સાહસિકોની ૪ટી કેટેગરીમાં વેચતા ૧૦માંથી ૭ વાહનો માટે લાઈટ કોમર્સીયલ વ્હિકલની સૌથી પ્રખ્યાત પસંદગી છે, જે બજાર હિસ્સાનો ૬૦ ટકા છે. ત્રણ દાયકાથી, ૫૦ ટકા જેટલા માલિકો પહેલા વખતના વપરાશકારો છે અને તે ભારતમાં સ્વ-રોજગારની તક પુરી પાડે છે.

ટાટા ૪૦૭ રેન્જે એલસીવી ક્ષેત્રની શરૂઆત કરી હતી અને તેને ૬ લાખથી વધુ ગ્રાહકોના જીવનમાં ગુણદાયક સુંદર પ્રોડક્ટસ જેમાં ન્યુનતમ જાળવણીની જરૂરીયાત હોય છે અને સાથોસાથ ઉચ્ચ આવક પણ આપે તેવી પ્રોડક્ટ પુરી પાડીને સમૃદ્ધિ લાવી છે. એલસીવી સેગ્મેન્ટમાં આશાસ્પદ શ્રેણી દ્વારા, ટાટા ૪૦૭ ઉચ્ચ કામગીરી અને શ્રેષ્ઠ ટકાઉપણું આપવાની ખાતરી આપે છે. દરેક નાના અને મધ્યમ કદના ધંધાની ભારે કાર્ગો ક્ષમતાને પહોંચાડવાની તાકાતના લીધે, ટાટા ૪૦૭એ એકદમ આદર્શ પરિવહન માટેનો ઉકેલ (સ્માર્ટ મોબીલીટી સોલ્યુશન) છે. ટાટા મોટર્સ આ મહિનામાં તેમના ૪૦૦ શૉ-રૂમ પર ૬ લાખ લોકો માટે ઉજવણીનું આયોજન કરશે. તેના બાદ ટાટા ૪૦૭ના ગ્રાહકો માટે ફ્રિ સર્વિસ ચેક-અપનું પણ આયોજન કરવામાં આવશે.

## કંપનીના ઠાગાઠૈયા...

● ત્રીજા પાનાનું ચાલુ

લી. ને વીજળીના જોડાણ માટે અરજી કરી હતી અને જરૂરી પુરાવા સાથે રજૂ કરી વીજતંત્ર તરફથી પહોંચ પણ મેળવી છે. અરજદાર રમેશભાઈ ચૌધરી છેલ્લા ઘણા દિવસોથી વીજ જોડાણ માટે યુજીવીસીએલના પગથિયા ઘસી રહ્યા છે. ત્યારે આ ખેડૂત પુત્રની કામગીરીને સરહાની તેની મદદ કરવાની જગ્યાએ વીજતંત્ર વીજ જોડાણ આપવામાં વારંવાર ઠાગાઠૈયા કરી રહ્યુ છે. અને આળસુ વીજ તંત્ર આ મામલે એક બીજાને ખો આપી રહ્યુ છે. વીજતંત્ર તુરંત અરજી ધ્યાને લઈ ટ્યુબવેલ માટે વીજ કનેક્શન આપે તેવી અરજદારની માંગ છે.

## રાઉન્ડની વકી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે ત્યારે ખૂબ ઓછા વરસાદી ઝાપટા પડ્યા છે. માત્ર ખેડૂત સમુદાય જ નહીં બલ્કે કારોબારીઓ પણ તેજીને લઈને ચિંતિત બનેલા છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં કેટલીક જગ્યાઓ પર ગાજવીજ સાથે વરસાદ થઈ શકે છે. ચેતવણી ૩ અને ૪ દિવસ માટેની જારી કરાઈ છે જ્યારે આગામી પાંચ દિવસ માટે થઈ છે. વરસાદ ખેંચાઈ જવાના લીધે તમામમાં ચિંતાનું મોજુ છે. કારણ કે આ વર્ષે સામાન્ય કરતા વધુ વરસાદની આગાહી અગાઉ કરાઈ હતી.

## ડોપ ટેસ્ટ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

નરસિંહના બી સેમ્પલના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. ડોપિંગ ટેસ્ટ ૫મી જુલાઈના દિવસે કરવામાં આવ્યા હતા. નાડા દ્વારા સોનીપતમાં આ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. ૧૦ દિવસ બાદ નરસિંહના એ ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે. ત્યારબાદ બી ટેસ્ટ કરવામાં આવ્યા હતા જે ટેસ્ટ પણ પોઝિટિવ આવ્યા હતા. નરસિંહને લઈને અંતિમ નિર્ણય હવે આવતીકાલે કરવામાં આવનાર છે. બે વખત ઓલિમ્પિક વિજેતા સુશીલકુમાર અને નરસિંહ વચ્ચે ઓલિમ્પિક દાવેદારી માટે જોરદાર વિવાદ થયો હતો. સુશીલકુમાર અને નરસિંહ વચ્ચે ટ્રાયલની માંગ પણ કરવામાં આવી હતી. પોતાની માંગને લઈને સુશીલકુમારે કોર્ટમાં રજૂઆત પણ કરી હતી. જો કે, કોર્ટે સુશીલને કોઈ રાહત આપી ન હતી. આખરે નરસિંહને જ રિયો માટે પસંદ કરવામાં આવ્યો હતો પરંતુ ડોપ ટેસ્ટમાં પોઝિટિવ આવ્યા બાદ હવે તે રિયો જઈ શકશે નહીં.

## ચારધામ પ્રોજેક્ટ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે ૫૫૦૦૦ કરોડની અંદાજપત્રીય જોગવાઈમાં આ ફાળવણી ઉમેરા તરીકે છે. નેશનલ હાઈવે કનેક્ટીવીટી સુધારા કાર્યક્રમમાં હવે ચારધામને પણ સામેલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ડીપીઆર હેઠળ ૮૮૯ કિલોમીટરના સાત પટ્ટા પર કામગીરી ચાલી રહી છે. માર્ગ પરના વપરાશકારોની સુરક્ષાને વધારવા માટે રસ્તાઓને પહોળા કરવામાં આવી રહ્યા છે. વર્ષ ૨૦૧૬-૧૭ માટેનું બજેટ રજૂ કરતા નાણામંત્રી અરુણ જેટલીએ કહ્યું હતું કે, આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અર્થતંત્રના મજબૂત સ્તંભ પૈકી એક તરીકે સાબિત થશે. ચારધામ ઉપરાંત મંત્રાલય દ્વારા બૌદ્ધ સર્કિટને પણ કનેક્ટીવીટી આપવા માટે રસ્તાઓ બનાવવામાં આવશે. પટણા, બોધગયા, નાલંદાને વધુ સુરક્ષા અને સંશાધનો સાથે સજ્જ કરાશે. આ તમામ વિસ્તારોમાં રસ્તાઓ સુધારવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા ઉત્તરપ્રદેશમાં રામજાનકી માર્ગ, રામવન ગમનને વિકસિત કરવામાં આવશે.

## આધાર સાથે જોડાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આશરે ૩૦ કરોડ લોકોને લાભ આપવામાં આવી રહ્યા છે. ડીબીટી હેઠળ તમામ રોકડ લાભ ખાતા ધારકના બેંક ખાતામાં સીધીરીતે જમા કરવામાં આવે છે. આ પ્રોગ્રામને વધુ અસરકારક અને સફળ બનાવવાના હેતુસર ડીબીટી મિશન ગયા વર્ષે કેબિનેટ સચિવાલયમાં ખસેડી લેવાનો નિર્ણય કરાયો હતો. તેના અમલીકરણ ઉપર હવે વડાપ્રધાનની ઓફિસ અથવા તો પીએમઓ દ્વારા નજર રાખવામાં આવે છે. ડીબીટીના ક્ષેત્રને સતત વધારવામાં આવ્યો છે. એલપીજી સબસિડી, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના હેઠળ પગાર, રાષ્ટ્રીય સામાજિક કાર્યક્રમ સહાય હેઠળ પગાર, પ્રત્યક્ષ હસ્તાંતરિત લાભ હવે વ્યક્તિગતોના બેંક ખાતામાં સીધીરીતે જમા કરવામાં આવે છે. તમામ મંત્રાલયો દ્વારા પહેલાથી જ જુદા જુદા કાર્યક્રમો અને સ્કીમોની ચકાસણી કરવા માટે સંબંધિત વિભાગોને જાણ કરવામાં આવી ચુકી છે.